# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૩/૦૮/૨૦૧૮

તંત્રીશ્રી,

ગુજરાત મિત્ર,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.



**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **સ્વ. અટલજીની અસ્થિ યાત્રા બાદ જહાંગીરપુરા કુરૂક્ષેત્ર ખાતે તાપી નદીમાં અસ્થિનું વિસર્જન કરાશે.**
- **ભાજપ–ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી તથા મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમાર અસ્થિ કળશ લઈને શનિવારે બપોરે ૧૨:૩૦ કલાકે હિરાબાગ સર્કલ ખાતે પહોંચશે.**
- **જહાંગીરપુરા કુરૂક્ષેત્ર ખાતે સર્વદલિય સાર્વજનિક પ્રાર્થના સભાનું આયોજન.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

દેશના આદરણીય પૂર્વ પ્રધાનમંત્રી અને પ્રખર રાષ્ટ્રભક્ત રાજપુરુષ ભારતરત્ન સદ્‌ગત અટલબિહારી વાજપેયીજીના દેહાવસાન બાદ સમગ્ર રાષ્ટ્ર શોકમગ્ન છે. ભારતને આગવી ઓળખ

આપનાર સદ્‌ગત અટલજીને પોતાની છ દાયકાથી વધુની રાજકીય કારકીર્દી દરમ્યાન અનેક સીમાચિન્હ્ રૂપ કાર્યો કર્યા છે. દેશભરના લોકોમાં લોકલાડીલા નેતા સદ્‌ગત અટલજીને શ્રધ્ધાંજલી પાઠવી રહ્યા છે. સદ્‌ગત અટલજીની ચીર વિદાય પછી તેઓના અસ્થિને વિવિધ રાજ્યોમાં ૧૦૦ જેટલી નદીઓમાં વિસર્જીત કરવામાં આવનાર છે માટે જે તે સ્થળોએ અટલજી અસ્થિ વિસર્જન યાત્રા યોજીને શાસ્ત્રોકત વિધી મુજબ અસ્થિનું નદીઓમાં વિસર્જન કરવામાં આવી રહ્યું છે.

સુરતમાં પણ તા. ૨૫–૦૮–૨૦૧૮ને શનિવારના રોજ અટલજી અસ્થિ વિસર્જન યાત્રા યોજવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટી–ગુજરાત પ્રદેશના અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી તથા મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમાર શનિવારે બપોરે ૧૨:૦૦ કલાકે અસ્થિ કળશ લઈને સુરત ખાતે પહોંચશે અને વરાછા રોડ હિરાબાગ સર્કલ ખાતેથી અટલજી અસ્થિ વિસર્જન યાત્રાનો પ્રારંભ થશે. જે બપોરે ૩:૩૦ કલાકે જહાંગીરપુરા, કુરૂક્ષેત્ર સ્મશાનભૂમિ ખાતે પહોંચશે. કુરૂક્ષેત્રની પૌરાણિક અને પવિત્ર ભૂમિ ખાતે પુણ્ય સલિલા તાપી નદીમાં અસ્થિનું વિસર્જન કરવામાં આવશે. આ દરમ્યાન યાત્રા માર્ગમાં સુરત રેલ્વે સ્ટેશન, ભાગળ ચાર રસ્તા, ચોક બજાર ચાર રસ્તા અને પાલનપુર પાટીયા, ગણેશ મંદિર એમ પાંચ જગ્યા પર વિવિધ પંથ સંપ્રદાયના સાધુ સંતો, ધાર્મિક આગેવાનો તથા વિવિધ જ્ઞાતિ સમાજના મંડળોના અગ્રણીઓ સદ્‌ગત અટલજીના અસ્થિના કળશને પુષ્પાંજલિ આપશે અને આ અસ્થિ વિસર્જન યાત્રામાં જોડાશે.

અટલજી અસ્થિ વિસર્જન યાત્રા જહાંગીરપુરા પહોંચ્યા બાદ ત્યાં સર્વદલિય સર્વ સમાજ, સર્વ સંપ્રદાય, પ્રાર્થના સભા પણ રાખવામાં આવી છે. આ પ્રસંગે સુરત શહેરના તમામ નાગરીકો પોતાના અનુકુળ સ્થળે ઉપસ્થિત રહી અટલજીને પુષ્પાંજલી આપશે.